શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

# સમગ્ર શિક્ષા

જિલ્લા પ્રોજેકટ કો. ઓ. ની કચેરી
એ.વી.સ્કુલ કંમ્પાઉન્ડ,ક્રેસન્ટ સર્કલ–ભાવનગર

ટોલ ફ્રી નંબર : ૧૮૦૦–૨૩૩–૦૮૫૪   ફોન નં. ફેકસ નં.૦૨૭૮–૨૪૩૦૮૫૫

પત્ર ક્રમાંક : એસ.એસ.એ./પી એન્ડ એમ/૨૦૧૯/૫૧૭/૩૪૨   તારીખ :– ૨૪/૧૨/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી, સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
(સરકારી/આરએમએસએ/મોડેલ/ મોડેલ ડે) શાળાઓ
તાલુકો – તમામ,
જિ. ભાવનગર.

વિષય :– Fit India Moment અંતર્ગત તા.૨૮/૧૨/૨૦૧૯ નાં રોજ યોગ આધારીત તાલીમ શાળા કક્ષાએ બાયસેગ સ્ટુડીયોના માધ્યમથી યોજવા બાબત.

સંદર્ભ :– (૧) અત્રેની કચેરીનાં તા.૨૩/૧૨/૨૦૧૯ નાં પત્ર અન્વયે.
(૨) એસપીઓ કચેરી ગાંધીનગરનાં પત્ર કમાંક : એસએસએ/ પીએન્ડએમ/૨૦૧૯/૪૫૨૨૧ – ૨૯૬ તા.૨૪/૧૨/૨૦૧૯

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભ – ૧ થી Fit India Moment ના ભાગરૂપે જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (સરકારી/આરએમએસએ/ મોડેલ/ મોડેલ ડે) શાળાઓનાં શાળા દીઠ ૧ શિક્ષકને જે – તે શાળા સંબંધિત તાલુકાના બીઆરસી ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ – રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ – ગુજરાત સરકારના તજજ્ઞશ્રીઓના સહયોગથી તા.૨૮/૧૨/૨૦૧૯ ને શનિવારનાં રોજ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન યોગ આધારીત તાલીમ આપવા નિયત થયેલ હતું.

સંદર્ભ – ૨ થી ફેરફાર સાથે ઉકત શાળાઓનાં તમામ શિક્ષકોને તજજ્ઞશ્રીઓનાં સહયોગની યોજાનાર તાલીમનો સીધો જ લાભ મળી રહે, અને તાલીમ દરમિયાન આપવામાં આવનાર સુનાઓનો શાળા કક્ષાએ અસરકારક અમલ થઈ શકે તે માટે તા.૨૮/૧૨/૨૦૧૯ ને શનિવારનાં રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન યોગ તેમજ વાચન અભિયાન આધારીત તાલીમ જે તે શાળા સંબંધિત બીઆરસી ભવનને બદલે બાયસેગ સ્ટુડીયો, ગાંધીનગરનાં સહયોગથી ટેલિકોન્ફરન્સના માધ્યમથી જે તે શાળા કક્ષાએ શાળાના તમામ શિક્ષકોને આપવા નિયત કરવામાં આવેલ છે.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ જે તે શાળાઓનાં તમામ શિક્ષકોને તા.૨૮/૧૨/૨૦૧૯ ને શનિવારનાં રોજ (એકમ કસોટી પૂર્ણ થયા બાદ) સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન બાયસેગ સ્ટુડીયોના સહયોગથી ટેલિકોન્ફરન્સના માધ્યમથી યોજાનાર તાલીમમાં ટેલિકોન્ફરન્સની સુવિધા ધરાવતી તેઓની શાળા અથવા નજીકની શાળામાં (કોઈ શાળા સંપૂર્ણ બંધ ન રહે તે રીતે) ઉપસ્થિત રહી તાલીમ મેળવવા અંગેની જરૂરી સુચના આપવા જણાવવામાં આવે છે. તેમજ આ તાલીમ શાળા કક્ષાએ યોજવાની હોવાથી આ અંગે અલગથી કોઈ પ્રકારની ગ્રાન્ટ ફાળવવાની રહેતી નથી, જે બાબત ધ્યાને લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**સવિનય નકલ રવાના : જાણ સારુ.**
(૧) માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસએસએ, ગાંધીનગર.

**નકલ રવાના: જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.**
(૧) એજ્યુકેશન ઈન્સ્પેકટર તમામ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
(૨) એડી.આઈશ્રી તમામ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
(૩) બીઆરસી/સીઆરસી કો.ઓ.શ્રી તમામ,ભાવનગર

E:\TT\TT GENERAL LETTER 2012-13\BRC LETTER 2019-20.doc

Scanned by CamScanner